ગાંધીનગર સમાચાર
તા. ૬-૯-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### જગત જમાદારીનો નશો અમેરિકાને ભારે પડશે

આખી પૃથ્વી ઉપર એકચક્રી રાજ ચલાવવાની અમેરિકાની દાનત વારંવાર એને જનમાનસમાં અપ્રિય બનાવતી રહી હોવા છતાં એનો નશો છૂટતો નથી. ગામના ધણખૂંટની જેમ એ કોઈપણ સમયે કોઈના પણ ખેતરમાં છીંડું પાડવાનો વણલખ્યો અધિકાર ભોગવતું રહ્યું છે. સમૃદ્ધ લોકશાહી રાષ્ટ્ર હોવાથી વિશ્વના ઓછા શક્તિશાળી દેશોએ એને 'મહાસત્તા' તરીકે સ્વીકારી લીધેલ છે. યુવો પણ આખરે તો અમેરિકાને જ અનુકૂળ રહેવા પ્રયત્ન કરે છે કારણ કે એની પાસેથી નાણાં મળી રહે છે. નાણાવટી નગરશેઠ બની ગયેલું અમેરિકા દુનિયાનો અન્ય કોઈ દેશ પોતાની હરોળમાં ન આવી જાય એવી ખાસ તકેદારી રાખે છે. એથી અગાઉ જ્યારે યુએસએસઆર- સોવિયેત રશિયાએ મહાસત્તા તરીકે માથું ઊંચક્યું ત્યારે અમેરિકાએ એને યેનકેન પ્રકારેણ ક્ષતવિક્ષત કરી દઈ સાવ જ નાદાર બનાવી મૂક્યું હતું. કોલ્ડ વૉરનાં એ વર્ષો દરમિયાન સોવિયેત રશિયા અમેરિકાની લગોલગ આવી ગયું હતું, પછી એ અંતરીક્ષ સંશોધનોની બાબત હોય કે શસ્ત્ર સરંજામનો મુદ્દો હોય. સોવિયેત રશિયાનું વિભાજન કરાવી દઈ અમેરિકાએ એક મહાન શક્તિશાળી રાષ્ટ્રની જ નહીં પરંતુ દુનિયામાં સામ્યવાદના નામે ઊભી થયેલી રાક્ષસી તાકાતની પણ કમ્મર તોડી નાથી હતી. આપણા રૂપિયા કરતાં રશિયાના રૂબલની ભૂંડી દશા થવા પામી હતી. અમેરિકા જેવી પાછળ પડે એનો ઘડો લાડવો કરીને જંપે છે. અત્યારે જો એ થોડીઘણી પણ આમન્યા રાખતું હોય તો ચીનની રાખે છે. ચીન એ રશિયા નથી કે જેને પોતાના કાવાદાવાઓના જોરે છિન્નભિન્ન કરી શકાય એની અમેરિકાને પાકી પ્રતીતિ થઈ ચૂકી છે. એમ છતાં, દુનિયામાં કોઈ પણ ખૂણે ગરબડ થાય તો જગત જમાદાર તરીકે દોડી જવાનો હક તે છોડવા માગતું નથી. છેલ્લું ઉદાહરણ સીરિયાનું છે. મધ્ય એશિયાના આ નાનકડા દેશ પાસે રાસાયણિક શસ્ત્રો હોવાનો ખ્યાલ ધરાવતું અમેરિકા કોઈપણ ક્ષણે એના પર હુમલો કરી શકે છે. સીરિયા આરબ દેશ છે, જેના વડા બશર અસદની સરકારને ઓબામા મર્યાદિત હુમલો કરી પાઠ ભણાવવા ઉત્સુક છે. અગાઉ બુશ શાસનકાળમાં ઈરાક પર રાસાયણિક હથિયારોના મુદ્દે જ હુમલો કરાયો હતો. મૂળ ઈરાદો તો અમેરિકા જેવી મહાસત્તાને પડકારનારા પ્રેસિડેન્ટ સદ્દામ હુસેનને ખતમ કરવાનો હતો. રાસાયણિક શસ્ત્રો તો મળ્યાં જ નહોતાં. સીરિયા સામેના સંભવિત યુદ્ધમાં ઈરાકના સદ્દામ હુસેન કે લીબિયાના કર્નલ ગદ્દાફી જેવા કોઈ મોટા ગજાના આરબ સરમુખત્યારને વધેરવાની કે અલકાયદાના સૂત્રધાર ઓસામા બિન લાદેનને ઝબ્બે કરવાની વાત નહીં હોય. મૂળે અમેરિકાનું આ પગલું વિશ્વમાં એની ધાક ચાલુ રાખી ડૉલરને તરતો રાખવાની જ કસરત છે. ખરું પૂછો તો અમેરિકાનો અસલી ચહેરો લુચ્ચા વરુ જેવો છે. એ કોઈને કોઈ બહાનું કાઢીને ઓછી શક્તિ ધરાવતા દેશોને ડરાવી-ધમકાવી યુદ્ધમાં જોતરે છે. યુદ્ધની ધાકથી આવા દેશો અમેરિકા પાસેથી શસ્ત્રો ખરીદતા રહે છે. પોતાનો માલ સસ્તામાં વેચી અમેરિકા ડૉલરને તરતો રાખે છે. મંદીના દોરમાંથી માંડ બહાર આવી રહેલ મહાસત્તા અબજો ડૉલરનું આધણ કરી સીરિયા પર હુમલો કરશે અને એ રીતે મહાસ્તા તરીકેનો પોતાનો કડપ કાયમ રાખશે. અમેરિકાનો ડૉલર એ વિશ્વસ્વીકૃત નાણું છે, એટલે ગમેતેવી આકરી મંદીના દૌરમાં પણ એને આપણી જેમ એનું સોનું વેચવા કાઢવું પડે એમ નથી. ઓબામાએ અલકાયદાના સૂત્રધારને પાકિસ્તાનની સૈનિક છાવણીમાંથી રાતોરાત ઉઠાવી લઈને પોતાની તાકાતનો પરચો બતાવ્યો હતો. હવે તેઓ સીરિયા પર હુમલો કરી ગણતરીના કલાકોમાં ધાર્યું નિશાન પાડી ફરી એકવાર અમેરિકાનો જય જય કાર કરાવવા કૃતસંકલ્પ છે. સદ્દામ હુસેન અને કર્નલ ગદ્દાફી જેવા ક્રૂર સમુખત્યારોને જેર કરવાના અમેરિકી સંકલ્પને ઈંગ્લેન્ડ અને ફ્રાંસનો ટેકો હતો. આ વખતે બ્રિટનની પાર્લામેન્ટે યુદ્ધની વિરુદ્ધ ઠરાવ પસાર કર્યો છે. ફ્રાન્સ પણ સક્રિય ટેકો આપશે કે કેમ એ પ્રશ્ન છે. રશિયા અને ચીને વાંધો ઉઠાવ્યો છે. ઈરાન આરબ ભાઈચારાના મુદ્દે સીરિયાની મદદમાં પણ ઊતરી શકે છે. આવા સંજોગોમાં મિસાઈલોના હુમલાથી ધાર્યું પરિણામ ન મળે તો અમેરિકાને લશ્કર મોકલવાની ફરજ પડશે. ઓબામા માટે હવે આ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો છે. એમણે તો યુદ્ધનો નિર્ણય લઈ જ લીધો છે. અમેરિકાની ઈકોનૉમી જ યુદ્ધ આધારિત હોય ત્યાં એમને યુનોના મહામંત્રી બાન કી મૂનની કે સિક્યુરિટી કાઉન્સિલનાં અધ્યક્ષ મારિયા પરશેવલની અપીલ થોડી અસર કરી શકશે? પરંતુ આ જગત જમાદારી ક્યારેક અમેરિકાને મોંઘી પણ પડી શકે. હવે ચીન અને ભારત જેવા દેશો પોતાના કૌવત પર નવી મહાસત્તાઓ લેખે પ્રસ્થાપિત થઈ રહ્યા છે ત્યારે તો ખાસ.

# શહેરની વિવિધ શાળાઓમાં શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૫

**શહેરની શાળા-કોલેજોમાં આજે શિક્ષક દિનની અનોખી અને વૈવિધ્યસભર ઉજવણી કરવામાં આવી હતી. ટીચર્સ-ડે નિમિત્તે શાળામાં વિદ્યાર્થીઓ હાથમાં ચોક-ડસ્ટર સાથે ટીચરના સ્વરૂપમાં જોવા મળ્યા હતા. જ્યારે કેટલીક શાળાઓમાં વૃક્ષારોપણ, ક્વીઝ કોમ્પિટીશન, ગીત-સંગીત તેમજ નૃત્ય સહીતના રંગારંગ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. શિક્ષક દિનની ઉજવણીને અનુલક્ષી વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. નગરની શાળા-કોલેજોમાં શિક્ષક દિનની ઉજવણીને યાદગાર બનાવવા વૈવિધ્યસભર કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.**















**● પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ**

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે આજે શિક્ષક દિનની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજની ૫૪ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.





જેમાં કોલેજના આચાર્ય તરીકે કુ. અનુપા પંડ્યાએ એક દિવસની ભૂમિકા અદા કરી હતી. તેમજ કોલેજની સેવિકા તરીકે કુ. દેસાઈ ખુશનુમા અને કાલરિયા નિપાએ ફરજ અદા કરી હતી. શિક્ષક દિનની ઉજવણી બાદ શુભેચ્છા-પ્રતિભાવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોલેજના આચાર્ય ડૉ. ઉર્મિલા ચૌધરીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમનું સંચાલન પણ કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

**● કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા**

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે આજરોજ સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ૫૦ વિદ્યાર્થીઓએ આચાર્યા, શિક્ષક, કલાર્ક અને પટાવાળાની ભૂમિકા અદા કરી હતી. સમગ્ર દિવસનું શિક્ષણકાર્ય ખુબ ઉત્સાહપૂર્વક સફળ બનાવ્યું હતું. જે વિદ્યાર્થીઓ શિક્ષકો બન્યા હતા તેના શિક્ષકો દ્વારા પ્રતિભાવ આપ્યા હતા. તેમના મતે શિક્ષકનું કાર્ય અઘરૂ છે. શિક્ષક દિનના મહત્વ અંગે શિક્ષકોએ પોતાના મંતવ્ય રજુ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન નારાયણભાઈ પટેલ, ધનંજય પટેલ, બાબુભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

**● શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ સોજા**

શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ સોજા ખાતે શિક્ષક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ધોરણ-૧ થી ૧૨માં અભ્યાસ કરતા ભાઈ-બહેનોએ સ્વયં શિક્ષણ દિનની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લઈ નાના ભૂલકાઓ સાડી અને શુટ પેન્ટમાં સજ્જ થઈને વિવિધ વિષયો શીખવ્યા હતા. એક દિવસના આ શિક્ષકોએ પોતાની શૈલી છટામાં અધ્યાપન કાર્ય કરીને શિક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

**● સ્વામીનારાયણ હાઈસ્કૂલ, સેક્ટર-૨૩**

સ્વામીનારાયણ હાઈસ્કૂલ, સેક્ટર-૨૩ ખાતે પણ વિદ્યાર્થીઓ દ્વારા સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૪૮ જેટલા ભાઈઓ બહેનો દ્વારા શાળાનું શૈક્ષણિક કાર્ય સંભાળવામાં આવ્યું હતું. તેમજ શાળાના સર્વે ગુરૂજનોનું તિલક કરી આશીર્વાદ મેળવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ વર્ગખંડમાં પોતાના મનગમતા વિષયમાં અસરકારક શૈક્ષણિક કાર્ય કરી આનંદની લાગણી પ્રવર્તતી હતી. તેમજ શાળાના આચાર્યશ્રીએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

**● વારાહી એજ્યુકેશન કોલેજ ચાંદખેડા**

વારાહી એજ્યુકેશન કોલેજ ચાંદખેડા ખાતે શિક્ષક દિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બી.એડ. કોલેજના તાલીમાર્થીઓએ સંપૂર્ણ કોલેજનું સંચાલન કર્યું હતું. શિક્ષક દિનની ઉજવણીના ભાગરૂપે તાલીમાર્થીઓએ કોલેજના પ્રિન્સિપાલ અનિલભાઈ તથા અધ્યાપકોનું કંકુ તિલક કરી ગુરૂઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

**● સેક્ટર-૮ ખાતે આવેલ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ**

ગાંધીનગર સ્થિત સેક્ટર-૮ ખાતે આવેલ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે શિક્ષકદિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. જેમાં કોલેજના ૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કોલેજના પ્રોફેસર ડૉ. કીશોરસિંહ સોલંકી જેઓ જાણીતા સાહિત્યકાર અને શિક્ષણવિદ છે. તેમણે 'ઉત્તમ શિક્ષક મારી નજરે' વિષય પર વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજ તેમજ અન્ય રીટાયર્ડ પ્રોફેસરોએ પણ હાજરી આપી હતી. તેમજ શિક્ષક દિન કેમ ઉજવવામાં આવે છે તેના ઉપર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

**● આરાધના વિદ્યા વિહાર**

આરાધના વિદ્યા વિહાર સંકુલ ખાતે શિક્ષકદિનની ઉજવણી નિમિત્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થી ભાઈ-બહેનોએ શિક્ષણ કાર્ય કર્યું હતું. આરાધના કેમ્પસમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, બી.એડ. કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો શિક્ષક-શિક્ષિકા બન્યા હતા. શિક્ષણકાર્ય સાથે સ્વયં શિસ્તનું સંચાલન કર્યું હતું.

**● માઉન્ટ કાર્મેલ સ્કૂલ**

ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી શિક્ષકો પ્રતિ સ્નેહ અને સન્માનની લાગણીની અભિવ્યક્તિ સાથે ઉલ્લાસ અને ઉમંગપૂર્વક કરવામાં આવી હતી. ઉજવણીનો આરંભ શિક્ષકો માટેની સામાન્ય જ્ઞાન કસોટી સાથે થયો હતો. સ્કૂલના સ્ટુડન્ટ લીડર મહર્ષિ રાવલે શિક્ષકો માટે પ્રશ્નોનું કસોટી પત્ર તૈયાર કર્યું હતું.

જેમાં શિક્ષકોએ ઉત્સાહભેર આ ક્વીઝમાં ભાગ લીધો હતો. જેમાં આશા પારેખ, અર્ચના સીંઘ અને શીખા ટીચરને સરખા માર્ક મળતા ટાઈ પડી હતી. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોનું કુમકુમ તિલક કરી સન્માન કરાયું હતું. અને મનોરંજન કાર્યક્રમ પણ યોજાયો હતો. તેમજ ઉજવણીના અંતે ભોજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. શઈક્ષક દિનની ઉજવણીને ભવ્ય બનાવા માટે શાળાના પ્રિન્સીપાલ સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ લીડર મહર્ષિ રાવલ અને સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

**● ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ**

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ દ્વારા પણ સ્વયંમ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજની વિદ્યાર્થિનીઓએ ખુબજ ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો. સમગ્ર કોલેજનું શૈક્ષણિક કાર્ય વિદ્યાર્થિનીઓ દ્વારા ઉઠાવવામાં આવ્યું હતું. શિક્ષક દિનની ઉજવણી બાદ સર્વ વિશ્વ વિદ્યાલય કેળવમી મંડળની તમામ સંસ્થાઓનો એક સંયુક્ત કાર્યક્રમ સંસ્થાના 'સંસ્કાર' હોલમાં રાખવામાં આવેલ હતો.

સંસ્થામાં શિક્ષક દિન નિમિત્તે શ્રેષ્ઠ શિક્ષક કોણની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેના નિર્ણાયક તરીકે પ્રો. વૈદેહિબેન સુથાર તથા પ્રો. સુરેખાબેન પટેલે અદા કરી હતી. તેમણે નિર્ણય મુજબ સંસ્થાની વિજેતા વિદ્યાર્થિની પટેલ ભૂમિ - આંકડાશાસ્ત્ર તરીકે આવેલ હતી.

# ઉમેશભાઇની અવિરત સંગીતયાત્રા જોઇને આપણને ચોક્કસ લાગે કે આવી વિશિષ્ટ પ્રતિભા કાળમીંઢ પથ્થરોને કાપીને પણ પોતાનો રસ્તો પોતે જ કંડારે છે

## કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

સૃષ્ટિને મન ભરીને માણવી હોય તો નેત્ર મુખ્ય અંગ છે. નેત્ર વિનાનું જીવન અંધકાર બની જતું હોય છે, કુદરત ભલે માનવીને આંખોની ઉણપ આપે, પણ કેટલાક કિસ્સાઓમાં પ્રજ્ઞાચક્ષુને અનોખી શક્તિ ભેટમાં મળતી હોય છે.

'ખુદી કો બુલંક દર ઈતના...' વાળા જાણીતા શેરને સાર્થક કરી રહેલા ગાંધીનગરના આવા જ એક પ્રક્ષાચક્ષુ સંગીત ગુરૂ અને કલાકારનો પરિચય મેળવીએ. વતન સુરેન્દ્રનગરના મુળી મુકામે તા. ૧૫-૩-૫૯ ના રોજ જન્મેલા ઉમેશભાઇ એમ. પરમારને માત્ર બે વર્ષની ઉંમરે આંખોમાં સતત દુખાવો શરૂ થયો. જેના પરિણામે તેમને સંપૂર્ણ અંધત્વ મળ્યું. માતા-પિતાએ પોતાની સમજણ પ્રમાણે ઘણી દવા કરી પરંતુ એ કારગત ન નીવડી અને તેમણે દૃષ્ટિ સંપૂર્ણપણે ગુમાવી દીધી.

ઉમેશભાઇના અંધત્વ વિષે સુરેન્દ્રનગરની એમ.ટી.દોશી અંધવિદ્યાલયના સંચાલિકા કલ્પનાબેન ભટ્ટને જાણ થતાં તેઓ ઘરે આવીને ઉમેશને શાળાભ્યાસ માટે સુરેન્દ્રનગર લઇ આવ્યા. સંગીતનો શોખ તો નાનપણથી જ ઉમેશભાઇને! બ્રેઇનલિપિમાં પ્રાથમિક શિક્ષણની સાથે સાથે સંગીતની પણ સઘન તાલીમ મેળવવાની શરૂઆત થઇ. માત્ર છ વર્ષની ઉંમરે જ આકાશવાણી, રાજકોટ પરથી ગીતાના શ્લોકો રજૂ કર્યા. આમ તિમીરમાં પ્રકાશનું એક કિરણ ચમકવા લાગ્યું.

શાળાભ્યાસ દરમિયાન સંગીત સ્પર્ધઆઓ અને કાર્યક્રમોમાં ઉમેશભાઇએ ભાગ લઇને અનેક ઇનામો મેળવ્યા. જીવનના અનેક પડકારોનો હસતા મોઢે સામનો કરતાં કરતાં ઉમેશભાઇએ શિક્ષણ, સંગીત, સાહિત્ય - આમ દરેક ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કર્યું જે ને પરિણામે ૧૯૬૮ માં સુરેન્દ્રનગર અંધશાળા દ્વારા 'શ્રેષ્ઠ વિદ્યાર્થી' તરીકેનો સુવર્ણ ચંદ્રક તેમને એનાયત થયો. વસ્ત્રાપુર ખાતે આવેલી અંધજન મંડળ સંચાલિત શાળામાં લેવાયેલ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષઆમાં ૧૯૭૬માં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઇને ઝળહળતા દેખાવ બદલ ઉમેશભાઇએ ગોલ્ડ મેડલ મેળવ્યો, ને શાળા, ગામ અને માતા-પિતાને ગૌરવ અપાવ્યું હતું. શાળામાં આદરણીય શિક્ષક ગુરૂ શ્રી છેલશંકર ત્રિવેદી સાહેબના સહકાર અને માર્ગદર્શનની આ શક્ય બન્યું તેમ ઉમેશભાઇ માને છે.

શિક્ષણ સાથે સંગીત સફર તો ચાલુ જ હતી. સંગીતની તેમની કાબેલિયત અજબ હતી. આકાશવાણી, રાજકોટની સ્વર પરીક્ષા પાસ કરીને 'યુવાવાણી' પરથી ઉમેશભાઇના નિયમિત કાર્યક્રમો રજૂ થતા હાત. ઉપરાંત સમુહ ગીતોનું ગ્રુપ 'કોરલ' માંથી પણ આકાશવાણી પર ઉમેશભાઇનો સ્વર ગુંજતો રહેતો હતો.

વૈવિધ્યસભર પ્રતિભાના માલિક એવા ઉમેશભાઇએ મુખ્ય વિષય અંગ્રેજી સાથે ધર્મેન્દ્ર કોલેજ, રાજકોટ ખાતે અભ્યાસ શરૂ કર્યો. પ્રજ્ઞાચક્ષુ હોવાના કારણે શક્તિ ઓછી આંકીને પ્રોફેસરોએ સમજાવ્યું કે, તું અંગ્રેજી સાથે નહીં કરી શકે. પરંતુ મક્કમ મનોબળ અને ધગશના કારણે ઉમેશભાઇએ અંગ્રેજી મુખ્ય વિષય સાથે જ સ્નાતક અને અનુસ્નાતકની ડિગ્રી ધર્મેન્દ્ર કોલેજ, રાજકોટથી પ્રાપ્ત કરી. ઉપરાંત સંગીતની તાલીમ પણ ચાલુ જ હતી. ઉમેશભાઇએ શાસ્ત્રીય સંગીતની ઉપાન્ત્ય સુધીની તાલીમ મેળવી છે. ગાયકીની સાથે તેઓ હાર્મોનિયમ, ઓર્ગન અને બંસરી પણ બખુબી વગાડી જાગે છે. ઉમેશભાઇને ઓરેટરીનો પણ અદ્ભૂત શોખ!



રેલ્વે ખાતાના ઉમેશભાઇએ સર્વપ્રથમ ઉદ્ઘોષક તરીકેની નોકરી સ્વીકારી. ૬ વર્ષ સુધી રેલ્વે સ્ટેશનો પર ઉદ્ઘોષણામાં તેમનો મધુરો અવાજ યાત્રીઓને સુમાહિતગાર કરતો રહ્યો. ત્યાર બાદ ૧૯૮૭માં શિક્ષણ ખાતામાં નોકરી મળતાં લખતરની શાળામાં શિક્ષક તરીકે ઉમેશભાઇ જોડાયા. ૧૯૮૯માં બદલી થતાં સેક્ટર-૧૬ની મહાત્મા ગાંધી વિદ્યામંદિર, ગાંધીનગરના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અંગ્રેજી વિષયનાં શિક્ષક તરીકે જોડાઇને તેઓ ગાંધીનગર વાસી બન્યા.

સેક્ટર-૧૬ની શાળામાંથી અનેક સંગીતના કાર્યક્રમોમાં પણ ઉમેશભાઇ જોડાવા લાગ્યા. એટલું જ નહીં, ગાંધીનગરમાં ધીમે ધીમે ઉમેશભાઇએ અનેક સંસ્થાઓના સંગીત કાર્યક્રમોમાં પણ ભાગ લીધો. ૧૯૮૮માં અખિલ ગુજરાત અંધ શિક્ષણ સંઘ દ્વારા આયોજિત સુગમ સંગીત સ્પર્ધામાં પણ પ્રથમ સ્થાન ઉમેશભાઇએ પ્રાપ્ત કર્યું. ગાંધીનગરની શિવરંજની સંસ્થા આયોજિત ફિલ્મી ગીત સ્પર્ધા, સે. ૨૧, લાઇબ્રેરીમાં યોજાયેલ હતી. તેમાં ઉમેશભાઇએ 'મેરે નૈના સાવન ભાદોં...' ગીત રજૂ કરી ને શ્રોતાઓની ભરપુર પ્રશંસા મેળવી હતી.

ઉમેશભાઇ ગાયક, વાદ્યકાર સાથે સાથે એક અચ્છઆ કમ્પોઝર પણ છે. તેમના સ્વરાંકન કરેલા ગીતો, ગરબાઓ આજે પણ સંગીત રસિયાઓનાં માનસ પટ રમ્યા કરે, છે, ઉમેશભાઇનો સ્વરબદ્ધ કરેલ ગરબો.... 'રૂમઝુમતા આવો માડી, ગરબે પધારો માડી, નહીં રે આવો તો માડી ઝાંઝરીની ઘુઘરીના સમ, નહીં રે આવો તો માડી ચપટી ને તાલીના સમ...!' જાણીતા કોરિયોગ્રાફર અને ગરબાવિદ જગતસિંહ ઝાલાની કોરિયોગ્રાફી સાથે સે.૧૬ મહાત્મા ગાંધી વિદ્યામંદિરની બાલિકાઓએ રજૂ કરીનો રાજયકક્ષાએ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ઉમેશભાઇના કમ્પોઝ કરેલા અનેક ગરબાઓની શાળાની બાળાઓએ જિલ્લા અને રાજય કક્ષાએ સુંદર રજુઆત કરેલ છે. સે.૧૬ની શાળાના વિદ્યાર્થીઓને જુદી જુદી સંગીતની કૃતિઓ તૈયાર કરાવીને મંચ પર રજૂ કરવાનું શ્રેય પણ ઉમેશભાઇને જાય છે. ગાંધીનગરની સંસ્થઆ 'કલાગુર્જરી' આયોજિત આંતર શાળા પ્રાર્થના સ્પર્ધામાં રજૂ થયેલ પ્રાર્થનામાં ખુબ સુંદર દેખાવ કરીને શાળએ ઇનામ પ્રાપ્ત કર્યું હતું. ભારત વિકાસ પરિષદ દ્વારા પ્રતિવર્ષ ૧૫ ઓગસ્ટે યોજાતી દેશભક્તિ ગીતોની સ્પર્ધામાં પણ ઉમેશભાઇએ તૈયાર કરાવેલ કૃતિઓની ઉત્કૃષ્ટ રજુઆતથી અનેક ઇનામો પ્રાપ્ત કરેલ છે.

રાજય સરકાર આયોજિત અનેક કાર્યક્રમો, કર્મયોગી શિબિર વિ.માં ઉમેશભાઇ પ્રાર્થના ઉપરાંત દેશભક્તિ ગીતો, લોકગીતો, સુગમ સંગીત વિ.ની. મધુરી પ્રસ્તુતિ ઉમેશભાઇ કરે છે. ૨૦૦૨માં દૂરદર્શન પર રજુ થતી સલીલ મહેતા નિર્મિત શ્રેણી 'સુરીલી સરગમ'માં ભાગ લઇને ખુબ સારો દેખાવ કરી શ્રોતાઓનાં હૃદયમાં ઉમેશભાઇ છવાઇ ગયા. ગાંધીનગરમાં યોજાતી સેકટરોની નવરાત્રીમાં પણ ઉમેશભાઇએ પોતાનાં કંઠના કામણ પાથર્યા છે. લગ્નગીતો અને ગરબાના પણ અનેક કાર્યક્રમો ઉમેશભાઇએ રજૂ કર્યા છે. ગાંધીનગરના જાણીતા કલાકારો ભવ્ય-સત્યમ રાવલ, ચંદ્રકાન્ત શ્રીમાળી, વિ. સાથે તેમણે કાર્યક્રમો રજૂ કર્યા છે. જાણીતા કલાગુરૂ પિનાકીનભાઇ વ્યાસ સાથે પણ ઉમેશભાઇએ (સંગત) વાજીંત્રો પર સાથ આપ્યો છે.

ઉમેશભાઇએ ગાંધીનગરની જાણીતી 'વેણુભારતી' સંસ્થાના લોકનૃત્યોમાં કાર્યક્રમોમાં સમગ્ર ગુજરાત, ચેન્નાઇ, દમણ વિ. જગ્યાએ મુખ્ય ગાયક તરીકે કાર્યક્રમો રજૂ કરીને ચાહના મેળવેલ છે.

રાજય સરકાર આયોજિત સ્પર્ધાઓ, યુવક મહોત્સવો વિ. માં ઉમેશભાઇ નિર્ણાયક તરીકે વર્ષોથી સેવાઓ આપે છે. ગાંધીનગરની અનેક સંસ્થાઓ, શાળાઓ કૉલેજોમાં પણ નિયમિતરૂપે નિર્ણાયક તરીકે સેવાઓ આપે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરની અશ્વીનભાઇ પટેલ કોમર્સ, કૉલેજના વાર્ષિકોત્સવમાં છેલ્લા ૬-૭ વર્ષોથી વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થતી કૃતિ 'માઇપ'નું સંગીત પ્રા. કપિલ ત્રિવેદીની મદદથી ઓર્ગન પર તૈયાર કરી ઉમેશભાઇ રજૂ કરે છે. માઇમમાં બીટ ટુ બીટ સંગીત સાથે અભિનય આપવાનો હોવાથી આ મ્યુઝીકની રચના ભારે જહેમત માંગી લે છે. જેને ઉમેશભાઇ સુપેરે ન્યાય આપીને જહેમત માંગી લે છે. જેને ઉમેશભાઇ સુપેરે ન્યાય આપીને કૉલેજ જગતમાં પણ નામના મેળવી છે. ઉમેશભાઇએ મક્કમ ઇરાદા, સુઝ અને મહેનતથી આવી અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે.

શાંત, સાલસ, મીત્તભાષી ઉમેશભાઇએ ૧૯૯૭માં મંજુલાબેન સાથે પ્રભુતામાં પગલાં પાડ્યા. મંજુલાબેનને એક પગે ખોડ હોવા છતાં સમગ્ર ઘરનો વ્યવહાર, પતિ, બાળકોની સંભાર લઇને પ્રસન્ન દાંપત્ય જીવન વીતાવી રહ્યા છે. ઘરેથી શાળા જવા -આવવા ઉમેશભાઇની લાકડી એટલે મંજુ... આ સુખી જોડાની પુત્રઈ હેમંતા (ધો.૧૧) પુત્ર મીત (ધો.૯) માં અભ્યાસ કરે છે.

પ્રિય પ્રવૃત્તિ સંગીતમાં દશરથ મેવાલ લિખીત ગીતોનું સ્વરાંકન કરીને ઉમેશભાઇએ 'બિટ્સ ઓફ હાર્ટ' નામનું આલ્બમ તૈયાર કરેલ છે. જે હાલમાં રિલીઝ થવા પર છે. રાજય સરકાર આયોજિત મહાકુંભ-૨૦૧૨ માં પ્રજ્ઞાચક્ષુ માટે યોજાયેલ ફિલ્મી સંગીત સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લામાં પ્રથમ અને સુગમ સંગીત સ્પર્ધામાં દ્વિતીય આવીને ઉમેશભાઇએ ઇનામો પ્રાપ્ત કરેલ છે. જે ખરેખર અભિનંદનીય છે.

પ્રજ્ઞાચક્ષુ સંગીત ગુરૂ પાસે અનેક શિષ્યો તૈયાર થયા છે. જેમાં મિતેશ સતાણી (હાલ સિંગાપુર) ધારા પટેલ (મુંબઇ) વિ. મુખ્ય છે. હાલ પણ ઉમેશભાઇ સુગમ સંગીત અને વાદ્યસંગીતનું શિક્ષણ આપે છે અને ગરબાના - લગ્નગીતોનાં કાર્યક્રમો પણ હોય જ. ઉમેશભાઇ જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને ટ્યુશન પણ આપે છે. તેઓ કોમ્પ્યુટર પર સરળતાથી કામ કરી શકે છે. આ બધા સાથે તેમની સંગીત સાધના તો ચાલુ જ છે.

ઉમેશભાઇની અવિરત સંગીતયાત્રા જોઇને આપણને ચોક્કસ લાગે કે આવી વિશિષ્ટ પ્રતિભા કાળમીંઢ પથ્થરોને કાપીને પણ પોતાનો રસ્તો પોતે જ કંડારે છે. તેમને વંદન.